# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ-૩૮૮૧૧૦

વંચાણે લીધો : તા. ૧૫/૦૪/૨૦૧૫ ના રોજ આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૩૭મી બેઠકની કાર્યનોંધ મુદ્દા નં. ૩૭.૯

અનુભવ સીડના વેચાણ માટે અધિકૃત બીજ વિક્રેતા નિમવા બાબત..

## જાહેરનામું

આથી સંબંધકર્તા સર્વેને જાણ માટે જાહેર કરવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની તા.૧૫/૦૪/૨૦૧૫ ના રોજ યુનિવર્સિટી ભવન, આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૩૭ મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૩૭.૯ થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઉત્પન્ન કરવામાં આવતા ફાઉન્ડેશન, સર્ટીફાઇડ તેમજ ટ્રુથફુલ કક્ષાના બિયારણો જે અનુભવ સીડ તરીકે વેચાણ કરવામાં આવે છે તે ખેડૂતોને સમયસર અને ઝડપથી તેમના ગામ નજીક મળે તે માટે અધિકૃત બીજ વિક્રેતાઓ (ડીલર્સ) નિમવાની મંજુરી નિયામક મંડળ આપે છે. આ માટે તૈયાર કરેલ નિયત પત્રક અને શરતોને (એપેન્ડીક્ષ-૨) નિયામક મંડળ મંજુરી આપે છે. વધુમાં નિયત પત્રક અને શરતોમાં જરૂર જણાય ત્યારે સુધારા-વધારા કરવાની સત્તા નિયામક મંડળ કુલપતિશ્રીને આપે છે."

જા.નં.: આકૃયુ/સંનિ/ટે.૪/ ૯-૫૦ /૧૫,
તા. ૬/૦૫/૨૦૧૫

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

<u>નકલ સવિનય રવાના</u> :

૧. નિયામક મંડળના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.
૨. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
૩. તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
૪. નોડલ અધિકારી (બીજ) અને સંશોધન વૈજ્ઞાનિકશ્રી, વિભાગીય સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ તરફ જાણ અને અમલ કરવા સારૂ.
૫. કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.

<u>નકલ રવાના</u> :

૧. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
૨. આ વિભાગની તમામ શાખાઓ તરફ.
૩. આ વિભાગની વહીવટી શાખા તરફ જાણ થવા સારૂ.

પરિશિષ્ટ-૨

# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

## અનુભવ સીડસ્‌ના વિતરણ માટે "અધિકૃત બીજ વિક્રેતા" ની નિમણૂંક મેળવવા અંગેનું અરજી ફોર્મ

| મંત્રી/ પ્રમુખ/ પ્રોપરાઈટર/ ભાગીરદારના ફોટો ફોટા ઉપર સહી |
|---|

પ્રતિ
સંશોધન નિયામકશ્રી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ–૩૮૮ ૧૧૦

૧. સંસ્થા – સહકારી સંસ્થા/ ફર્મનું નામ :..........................................

૨. મુખ્ય જવાબદાર વ્યકિતનું નામ અને હોદ્દો :..........................................

૩. સંસ્થા/ ફર્મનું પુરુ સરનામું :..........................................
..........................................

૪. તાલુકો :.......................... જિલ્લો :..........................

૫. ટેલિફોન નં. :.................. મો. નં. :.................. ફેકસ નં. :..................
E-mail ID :..........................................

૬. માલિકી (પાર્ટનરશીપ–ખાનગી–સહકારી–અર્ધ સરકારી વિગેરે) ..........................................
..........................................
(પાર્ટનરશીપ ડીડમાં માલિકી હકક અંગેની પ્રમાણિત નકલો બીડવાની રહેશે.)
આ.કૃ.યુ.નું અનુભવ સીડ રાખવાના સ્થળનું સરનામું :..........................................
..........................................

૮. ગુણવત્તા નિયંત્રણ અધિકારીનું બિયારણ વેચાણ માટેનું લાયસન્સ નં. :.................. તારીખ :..................
જે તારીખ સુધી માન્ય હોય તેની પ્રમાણિત ઝેરોક્ષ નકલ બીડવી (એગ્રો સર્વિસ/બીઝનેસ કેન્દ્રને લાગુ પડે છે, સહકારી મંડળીને લાગુ પડતું નથી)

૯. ધંધાનો અનુભવ : (મુદ્દા નં.૮ થી ૧૩ સહકારી મંડળીને લાગુ પડતા નથી)
છેલ્લા ૩ (ત્રણ) વરસ દરમ્યાન બિયારણનું વિતરણ તથા ધંધો (ટર્ન ઓવર)

| વર્ષ | બીજ વિતરણ (કિવન્ટલમાં) | ટર્ન ઓવર (રૂા. લાખમાં) |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |

(અગાઉ બિયારણના ધંધામાં શિક્ષા થયેલ નથી, તે બાબતનું લેટરપેડ ઉપર સહી/ સિકકા સાથેનું એકરારનામું પણ સાથે જોડવું.)

૧૦. જે બેંકમાં ખાતુ હોય તે બેંકનું નામ : ....................................................................................................

શાખા : ....................................................................................................

ખાતા નંબર : ....................................................................................................

RTGS NO. : ____________________ IFSC Code : ____________________

૧૧. ઈન્કમટેક્ષ નંબર : (PAN NO.) ____________________

(પ્રમાણિત નકલ બીડવી)

૧૨. VAT TIN NO. ____________________

(પ્રમાણિત નકલ બીડવી) (એગ્રો સર્વિસ/બીઝનેસ સેન્ટરને લાગુ પડે છે.)

૧૩. બિયારણ અંગેની અન્ય કોઈ કંપનીના અધિકૃત બીજ વિક્રેતા છો કે કેમ ? જો હોય તો કઈ કંપનીના ? :....................................

....................................................................................................

સામેલ : ચેક લીસ્ટ

## એકરારનામું

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના અધિકૃત બીજ વિક્રેતા બનવા માટેની શરતો તથા નિયમો મેં વાંચ્યા છે, અને તે મને માન્ય છે. ઉપર મુજબની માહિતી જે મેં આપેલ છે, તે ચકાસેલ છે અને સત્ય છે.

આ સાથે અધિકૃત બીજ વિક્રેતા બનવા માટેની અરજી ફીની રકમ રૂા. ૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) નો .................... .................................................................... બેંક ઉપરનો ડીમાન્ડ ડ્રાફ્ટ નં. .................................... તા. : .................................... મોકલવામાં આવેલ છે. આ રકમ અધિકૃત બીજ વિક્રેતા તરીકે માન્યતા ન મળતાં પરત મેળવવા હકકદાવો કરીશ નહિ. આણંદ કૃષિ યુનિવર્સિટી ધ્વારા તેના કાર્યક્ષેત્રના જિલ્લા/ તાલુકા/ ગ્રામ્ય કક્ષા મથકે એક કરતાં વધુ વિક્રેતાની નિમણૂંક કરવામાં આવશે, તો તે મને માન્ય રહેશે.

સ્થળ : ....................................

તારીખ : ....................................

અરજદારની સહી : ....................................

માલિકનું નામ : ....................................

સંસ્થા/ પાર્ટીનો સિકકો

## ચેક લીસ્ટ

એગ્રો સર્વિસ/બીઝનેસ સેન્ટર માટે (મુદ્દા નં.૧ થી ૭)

૧. એગ્રો સર્વિસ/બીઝનેસ સેન્ટરના નગરપાલિકા/ મ્યુ. કોર્પોરેશનમાં ગુમાસ્તા ધારા હેઠળ અગર અન્ય રીતે વેપાર માટેના રજીસ્ટ્રેશન અંગેના પુરાવાની પ્રમાણિત નકલ.

૨. ગુણવત્તા નિયંત્રણ અધિકારીના બીજ વેચાણના વેલીડ લાયસન્સની પ્રમાણિત નકલ.

૩. બિયારણના ધંધામાં કાયદાકીય રીતે કોઈ શિક્ષા થયેલ નથી તે બાબતનું લેટરપેડ ઉપર સહી/ સિકકા સાથેનું એકરારનામું.

૪ VAT TIN NO. ની પ્રમાણિત નકલ.

૫. પાન નંબરની પ્રમાણિત નકલ.

૬. પ્રોપરાયટર હોય તો દરેક જગ્યાએ પ્રોપરાયટરનો સિકકો અવશ્ય લગાવવો.

૭. પાર્ટનરશીપ હોય તો પાર્ટનરશીપ ડીડમાં માલિકી હકક અંગેની પ્રમાણિત નકલ અવશ્ય બીડવી.

૮. સહકારી સંસ્થા માટે રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીમાં નોંધણી અંગેના પુરાવાની પ્રમાણિત નકલ.

રૂા. ૧,૦૦૦/- આણંદ શાખા ની બેંક ઉપરનો A.A.U. MEGA SEED REVOLVING FUND ACCOUNT ના નામનો ડી.ડી. અગર Payable at Par નો ચેક.

૧૦. અરજી ફોર્મના મથાળે મંત્રી/ પ્રમુખ/ પ્રોપરાયટર (જે લાગુ પડતા હોય તેના) ફોટા અને ફોટા ઉપર સહી.

૧૧. અરજીના અંતે મંત્રી/ પ્રમુખ/ પ્રોપરાયટર (જે લાગુ પડતા હોય તેના) સહી/ સિકકા

નોંધ:

૧) સહકારી સંસ્થા માટે મંત્રી અને પ્રમુખ બન્નેના ફોટા અને સહી/ સિકકા

૨) પ્રોપરાયટર માટે પ્રોપરાયટરનો ફોટા અને સહી/ સિકકા

રૂ.૧૦૦ના સ્ટેમ્પ અને નોટરી સાથેનું કરારનામું.

## કરારનામું

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના 'અનુભવ સીડ' બ્રાન્ડ બિયારણોના વિતરણ માટે અધિકૃત બીજ વિક્રેતાએ આણંદ કૃષિ યુનિવર્સિટી સાથે કરવા કરારનામું અને શરતો

આ કરારનામું આજ તા.............................................. માસ.................................... વર્ષ.........................................ના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તથા તેની ક્ષેત્રિય કક્ષાની કચેરીઓ કે જે હવે પછી મુખ્ય બીજ વિતરક તરીકે ઓળખાશે. જયારે મેસર્સ ..............................................................................................................................................ના પ્રતિનિધિ શ્રી.........................................................................................................................રહેવાસી ................... તથા તેમના પાર્ટનર કે જે હવે પછી આણંદ કૃષિ યુનિવર્સિટીના બિયારણોના વિતરણ માટે અધિકૃત બીજ વિક્રેતા તરીકે ઓળખાશે, તે બન્ને વચ્ચે આ કરાર કરવામાં આવે છે.

મુખ્ય બીજ વિતરક તરીકે આણંદ કૃષિ યુનિવર્સિટી તથા તેના પેટા કેન્દ્રો કે જે હવે આણંદ કૃષિ યુનિવર્સિટી તરીકે ઓળખાશે, તેઓ ફાઉન્ડેશન /સર્ટિફાઈડ /લેબલ્ડ કક્ષાનું વધુ ઉત્પાદન આપતી જાતો/ સંકર જાતોના બીજ ઉત્પાદન, પ્રક્રિયા, સંગ્રહ, વેચાણ, વગેરે પ્રકારની કામગીરી કરી અધિકૃત બીજ વિક્રેતા માટે, મુખ્ય બીજ વિતરક તરીકેની કામગીરી કરશે, જયારે અધિકૃત બીજ વિક્રેતા તેમના કાર્યક્ષેત્રના જીલ્લામાં કે તાલુકામાં 'અનુભવ સીડ'ની છૂટક તેમજ જથ્થાબંધ બીજ વિતરણની કામગીરી કરશે. આણંદ કૃષિ યુનિવર્સિટી તથા તેના પેટા કેન્દ્રો પણ છુટક તેમજ જથ્થા બીજ વેચાણની કામગીરી કરશે. ઉકત બંન્ને એ નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

## : અધિકૃત બીજ વિક્રેતા માટેના સામાન્ય નિયમ અને શરતો :

૧. અધિકૃત બીજ વિક્રેતાની કક્ષાઓ : આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ધ્વારા નિયુકત થયેલ અધિકૃત બીજ વિક્રેતાની કક્ષાઓ નીચે મુજબની રહેશે.

અ) સહકારી સંસ્થાઓ સહકાર વિભાગ હેઠળ રજીસ્ટર થયેલ સંસ્થા. (બધા જ પ્રકારની કૃષિ વિષયક સહકારી મંડળીઓ/ સંસ્થાઓ)

બ) એગ્રો સર્વિસ સેન્ટરો, અને એગ્રી બીઝનેસ કેન્દ્રો કે જેઓ ગુજરાત રાજય ખેત ઉદ્યોગ નિગમ ધ્વારા માન્ય હોય.

<u>કાર્યક્ષેત્ર :</u>

(અ) સહકારી સંસ્થાઓ

સહકારી સંસ્થાઓએ અધિકૃત બીજ વિક્રેતા તરીકે જે તે જીલ્લામાં તેના કાર્યક્ષેત્ર પુરતી જ બીજ વિતરણ માટે બીજ વિક્રેતા તરીકેની મંજુરી મેળવવાની રહેશે, જે માટે સિકયોરીટી ડીપોઝીટ રૂ.૧૦,૦૦૦/- રોકડેથી અથવા A.A.U. MEGA SEED REVOLVING

FUND ACCOUNT ના નામનો ડીમાન્ડ ડ્રાફટ જમા કરાવ્યા પછી રજીસ્ટ્રેશન કરવામાં આવશે, આવા અધિકૃત બીજ વિક્રેતા માટેનું બીજ વેચાણનું કાર્યક્ષેત્ર મંજુરી મેળવેલ હોય તે જીલ્લા પુરતું મર્યાદિત રહેશે.

(બ) ખાનગી

એગ્રો સર્વિસ કેન્દ્રો, તેમજ એગ્રી. બીઝનેસ કેન્દ્રોએ તેમના કાર્યક્ષેત્રના મુખ્ય મથક ખાતેથી બીજ વિતરણ માટે અધિકૃત બીજ વિક્રેતા તરીકેની મંજુરી મેળવવાની રહેશે. આવા અધિકૃત બીજ વિક્રેતા માટેનું બીજ વેચાણનું કાર્યક્ષેત્ર એગ્રો સર્વિસ સેન્ટરો/ એગ્રી બીઝનેસ સેન્ટર તરીકે મંજુરી મેળવેલ હોય તે તાલુકા પુરતું મર્યાદિત રહેશે. એગ્રો સર્વિસ/બીઝનેસ સેન્ટરે સીકયોરીટી ડીપોઝીટ તરીકે રૂા.૨૦,૦૦૦/– રોકડેથી અથવા A.A.U. MEGA SEED REVOLVING FUND ACCOUNT ના નામની ડીમાન્ડ ડ્રાફટ જમા કરાવ્યા પછી રજીસ્ટ્રેશન કરવામાં આવશે.

૨. બીજ વિતરણ માટેના આર્થિક લાભો.

અ). બંન્ને કક્ષાના બીજ વિક્રેતાઓને આણંદ કૃષિ યુનિવર્સિટી ધ્વારા નિયત કરાયેલ મહત્તમ વેચાણ ભાવના પાંચ ટકા વળતર (કમિશન) આપવામાં આવશે.

બ). ડાંગર, ઘઉ, મકાઈ, મગ, સોયાબીન, ગુવાર, દિવેલા જેવા વધુ જથ્થાના પેકીંગની ઓછામાં ઓછી ૧૦૦ બેગની ડીલીવરી( વિતરણ) જે તે કેન્દ્રને વહન ખર્ચ વગર વેચાણ કેન્દ્ર ખાતે કરવામાં આવશે, પણ બીજના જથ્થાની પુરેપુરી કિંમતનું અગોતરૂ ચૂકવણું કરવાનું રહેશે.

૩. અધિકૃત બીજ વિક્રેતાની નિમણુંક કરવાની પધ્ધતિ

માન્ય બીજ વિક્રતાની નિમણુંક માટેનો પત્ર નોડલ ઓફીસર (સીડ) તેમજ સંશોધન નિયામકશ્રીની સહીથી આપવામાં આવશે, વેચાણ કેન્દ્ર પર અધિકૃત બીજ વિક્રેતા તરીકેનું પ્રમાણપત્ર / રિન્યુઅલ પત્ર સહેલાઈથી જોઈ શકાય તે રીતે પ્રદર્શિત કરવાનો રહેશે. અધિકૃત બીજ વિક્રેતા તરીકેની નિમણુંક રદ થયેથી આ પ્રમાણપત્ર / રિન્યુઅલ પત્ર આ.કૃ.યુ.ને પરત કરવાનો રહેશે. નિમણુંક પત્ર મળ્યેથી દરેક અધિકૃત બીજ વિક્રેતાએ તેમની કક્ષા અનુસાર નીચે જણાવ્યા મુજબની સિકયોરીટી ડીપોઝીટની રકમ નોડલ ઓફીસર(સીડ) આ.કૃ.યુ. આણંદનેA.A.U. MEGA SEED REVOLVING FUND ACCOUNT ના નામના ડીડીથી અથવા રોકડેથી નિયુકિત સમયે જમા કરાવવાની રહશે. જેના ઉપર કોઈ પણ વ્યાજ આપવામાં આવશે નહિ. સિકયોરીટી ડીપોઝીટની રકમ આ.કૃ.યુ.માં જમા થયા તારીખથી અધિકૃત બીજ વિક્રેતા તરીકે નિમણુંક થયેલ ગણાશે.

બિયારણના વિતરણ અગર અન્ય કોઈ રીતે ગેરરીતી કરતાં અને શરતોનું પાલન ન કરતાં ધ્યાન પર આવશે તો આ.કૃ.યુ. જરૂરી નોટીસ આપી અધિકૃત બીજ વિક્રેતાની નિમણુંક રદ કરી શકશે.

૪. દરેક અધિકૃત બીજ વિક્રેતાએ વિતરણ કરવાના બિયારણોની માંગણી વાવેતર કરવાની સીઝન અગાઉ નીચે પ્રમાણેના સમયગાળા પ્રમાણે નોડલ ઓફીસર(સીડ) આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદને કરવાની રહશે.

બિયારણની માંગણી મુકવા માટેની સમય મર્યાદા

| | | |
|---|---|---|
| ખરીફ ઋતુ માટે | : | ૧૫ એપ્રિલ સુધી |
| રવિ ઋતુ માટે | : | ૧૫ ઓગષ્ટ સુધી |
| ઉનાળું ઋતુ માટે | : | ૧૫ નવેમ્બર સુધી |

નોંધ: બિયારણોની માંગણી મૂકવાની સમય મર્યાદામાં આ.કૃ.યુ., આણંદ ફેરફાર કરી શકશે.

૫. મુખ્ય બીજ ઉત્પાદક ( આ.કૃ.યુ.) અધિકૃત બીજ વિક્રેતાઓ ધ્વારા કરવામાં આવેલ બીજની માંગણી ધ્યાને લઈ પોતાની પાસેના ઉપલબ્ધ બીજ જથ્થા અનુસાર તેમજ અધિકૃત બીજ વિક્રેતાની કાર્યદક્ષતા જોઈ બીજ જથ્થાની ફાળવણી કરશે, જે અધિકૃત બીજ વિક્રેતાએ ગ્રાહય રાખી સ્વીકારવાની રહશે. આ.કૃ.યુ. આણંદ પાસે જે પાક / જાતના બિયારણો જરૂરિયાત કરતાં વધુ પ્રમાણમાં ઉપલબ્ધ હશે તેવા બિયારણો આ.કૃ.યુ.ને યોગ્ય જણાશે તે અધિકૃત બીજ વિક્રેતાને પાકનો વાવેતર વિસ્તાર ધ્યાને લઈ વેચાણ માટે આપવામાં આવશે. અધિકૃત બીજ વિક્રેતાને વેચાણથી આપેલ જથ્થો આ.કૃ.યુ. પરત સ્વીકારશે નહી, જે બાબતે અધિકૃત બીજ વિક્રેતા કોઈ કાનૂની રાહ અપનાવી શકશે નહી.

૬. અધિકૃત બીજ વિક્રેતાએ તેઓને ફાળવેલ બિયારણની પુરેપુરી રકમ આ.કૃ.યુ.ના સબંધિત કેન્દ્ર પર ભરીને બીજ ઉપાડવાનું રહેશે. આમ છતાં સહકારી મંડળીઓને ખાસ કિસ્સામાં ૧૦ દિવસ તારીખ ફેરના એડવાન્સ ચેક લઈને તે અધિકૃત બીજ વિક્રેતાને ઉધારથી બિયારણ આપશે, મુદત પુરી થયેથી આવા ખરીદ કરેલ બિયારણની થતી રકમનો ડીમાન્ડ ડ્રાફટ અચૂકપણે સંબંધિત શાખા ઉપર જમા કરાવી એડવાન્સ ચેક પરત મેળવી લેવાનો રહેશે, અન્યથા સદરહું ચેક બેન્કમાં જમાં કરાવવામાં આવશે. ચેકથી વેચાણ માટેની ઉકત સગવડ આ.કૃ.યુ.ને યોગ્ય જણાશે ત્યાં સુધી જ ચાલુ રાખશે. આ સગવડ માટે અધિકૃત બીજ વિક્રેતાનો કોઈ હકક દાવો રહેશે નહિ.

૭. બિયારણના ખેડૂત માટેના વેચાણ ભાવ, અધિકૃત બીજ વિક્રેતા માટેના ભાવ તથા એમ.આર.પી. આ.કૃ.યુ. વખતો વખત નકકી કરશે. આ વેચાણ ભાવો આ.કૃ.યુ.ના મુખ્ય કેન્દ્ર/પેટા કેન્દ્રના ગોદામ બેઠાના હોઈ બીજ ઉપાડવાની વ્યવસ્થા અધિકૃત બીજ વિક્રેતાએ પોતાના ખર્ચે પોતે કરવાની રહેશે. (અ) આમ છતાં અધિકૃત બીજ વિક્રેતાના સામાન્ય નિયમ અને શરતોના મુદ્દા નં.૨ (બ) પ્રમાણે કમિશન અને વહનની સગવડ આપવામાં આવશે, નિયત જથ્થાથી ઓછા જથ્થાની માંગણી માટે જે તે અધિકૃત બીજ વિક્રેતાએ વાહન વ્યવસ્થા જાતે કરવાની રહશે. આ.કૃ.યુ. ધ્વારા બીજના વહનની સગવડ પુરી પાડવામાં આવે ત્યારે બીજ વિતરકની ઓફીસ/ ગોદામ ખાતે પુરૂ પડાયેલ બીજ અધિકૃત બીજ વિક્રેતાએ પોતાના ખર્ચે ઉતારવાનું રહશે, અને બીજના જથ્થાને ઉતારવાની વ્યવસ્થા તાત્કાલિક કરી, બે કલાકની સમય મર્યાદામાં બીજ જથ્થો ઉતારી લેવાનો રહેશે.

૮. આ.કૃ.યુ.એ પુરા પાડેલ જે તે પેકીંગમાં જ અધિકૃત બીજ વિક્રેતાએ બીજનું વેચાણ કરવાનું રહશે. કોઈ પણ સંજોગોમાં જથ્થામાં (બલ્ક પેકિંગ) બિયારણ પુરૂ પાડવામાં આવશે નહિ.

૯. અધિકૃત બીજ વિક્રેતાએ આ.કૃ.યુ. પાસેથી બીજ ખરીદ્યા બાદ બીજના વ્યવસ્થિત સંગ્રહની વ્યવસ્થા પોતે કરવાની રહશે. બીજના જથ્થાની ડીલીવરી સમયે બીજના ગુણવત્તાની ચકાસણી કરવાની રહશે, અધિકૃત બીજ વિક્રેતાની ઓફીસ/વેચાણ કેન્દ્રો ગોદામમાં અથવા તો ખેડૂતના ઘરે બીજનો જથ્થો સડે કે નુકસાન થાય તેની જવાબદારી આ.કૃ.યુ.ની રહેશે નહી. સડેલો/ નુકસાનવાળો બીજ જથ્થો તેમજ પ્રમાણન કે પુનઃપ્રમાણન કર્યા સિવાયનો બીજ જથ્થો અધિકૃત બીજ વિક્રેતા પાસે વિતરણ માટે હોય અને સરકારશ્રીના ગુણવત્તા વિભાગ ધ્વારા, આ અંગે કોઈ પણ કાર્યવાહી કરવામાં આવે તો તે માટે આ.કૃ.યુ. જવાબદાર રહેશે નહી. બિયારણ અધિનિયમ – ૧૯૬૬ પેકેજ એન્ડ કોમોડીટી એકટ તેમજ અન્ય કાયદા /નિયમો અને તેમાં વખતો વખત થયેલ/ થતા સુધારા વધારાનો અમલ અધિકૃત બીજ વિક્રેતાએ કરવાનો રહશે. અધિકૃત બીજ વિક્રેતા ધ્વારા આ કાયદા/ નિયમોના ભંગ માટે આ.કૃ.યુ. જવાબદાર રહેશે નહી. અધિકૃત બીજ વિક્રેતાના બીજ વિતરણ/ બીજ સંગ્રહ સ્થળે સંગ્રહ કરેલ બિયારણની તમામ પ્રકારની ચકાસણી આ.કૃ.યુ.ના પ્રતિનિધિ કરી શકશે.

૧૦. અનુભવ સીડના અધિકૃત બીજ વિક્રેતાઓએ નિર્ધારિત જથ્થામાં બીજનો જથ્થો જોઈતો હોય તો બીજની જરૂરીયાત એક વર્ષ પહેલાં બીજના સંભવિત ભાવના ૨૫ ટકા ડીપોઝીટ જમા કરાવી જથ્થાની નોંધણી કરાવી શકશે, બીજના સંભવિત ભાવનો નિર્ણય આ.કૃ.યુ. ધ્વારા કરવામાં આવશે.

૧૧. વિક્રેતા ધ્વારા ૨૫ ટકા ડીપોઝીટ સાથે નિર્ધારિત/ ચોકકસ બીજનો જથ્થો નોંધાવવા છતાં કુદરતી આપત્તિ જેવા કે દુષ્કાળ, અતિવૃષ્ટિ, વાવાઝોડુ, વંટોળ, કમોસમી વરસાદ જેવા સંજોગોમાં બીજના જથ્થા માટે હકક દાવો કરી શકશે નહી, આવી પરિસ્થિતિમાં ઉપલબ્ધ જથ્થાના આધારે ફાળવણી કરવામાં આવશે જે તેઓને માન્ય રહેશે. તેઓ પોતાની ડીપોઝીટની મૂળ રકમ પરત લેવાં હકકદાર રહેશે.

૧૨. વિક્રેતા ધ્વારા ૨૫ ટકા ડીપોઝીટ સાથે નિર્ધારિત/ ચોકકસ બીજનો જથ્થો નોંધાવવામાં આવ્યો હશે તે વેચાણ માટે જણાવેલ સમય મર્યાદામાં લેવો પડશે, જો વિક્રેતા પૂરતા જથ્થામાં બીજ ન ઉપાડે તો તેની ૨૫% ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે નહી, અને બિયારણનું વેચાણ અન્ય જરૂરીયાતવાળાને કરવામાં આવશે અને આ.કૃ.યુ. નુકસાની પેટે સદરહું રકમ જપ્ત કરશે.

૧૩. અનુભવ સીડના વેચાણમાં કોઈ પણ વિક્રેતા ધ્વારા અનિયમિતતા આચરવામાં આવે અથવા અનુભવ સીડના નામે આ.કૃ.યુ. સિવાયના અન્ય બીયારણનું વેચાણ કરવામાં આવશે તેવા સંજોગોમાં તેની વિક્રેતા તરીકેની માન્યતા રદ કરવાની સાથે ડીપોઝીટ પેટે જમાં કરાવેલ રૂા.૧૦,૦૦૦/– અથવા રૂા.૨૦,૦૦૦/– જપ્ત કરવામાં આવશે. આવા વિતરકો ગ્રાહક સુરક્ષા અથવા તો સરકારી ન્યાય પધ્ધતિમાં યથા યોગ્ય શિક્ષાત્મક પગલાં ભરવાને પાત્ર ઠરશે અને તે મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૧૪. આ.કૃ.યુ. ધ્વારા બીજ વિતરણ અંગેની માહિતી જયારે જયારે માંગવામાં આવે ત્યારે તે માહિતી અધિકૃત બીજ વિક્રેતાએ પુરી પાડવાની રહેશે.

૧૫. આ.કૃ.યુ. ધ્વારા જે તે અધિકૃત બીજ વિક્રેતાને ફાળવેલ બીજ ઉપાડવા અંગેની ટેલીફોનીક સૂચના અથવા લેખિત જાણ કર્યા બાદ જો તેમના ધ્વારા સમય મર્યાદામાં બીજ ઉપાડવામાં નહી આવે તો અધિકૃત બીજ વિક્રતાએ ન ઉપાડેલ આવો જથ્થો આ.કૃ.યુ. અન્યને વિતરણ કરવા માટે સ્વતંત્ર રહશે, જે અંગે અધિકૃત બીજ વિક્રેતાની કોઈ રજુઆત ગ્રાહય રહેશે નહી.

૧૬. અનુભવ સીડના વિતરકે ખેડૂતને પાકુ બીલ આપી બીજનું વેચાણ કરવાનું રહેશે અને બીલમાં બિયારણનો લોટ/ કેન્દ્ર/ વર્ષ વિગેરે વિગત અવશ્ય જણાવવાની રહેશે, અને બીલ, ટેગ અને બેગની સાચવણી કરવાની જાણ ખેડૂતને કરવાની રહેશે.

૧૭. અધિકૃત બીજ વિક્રતા માટે આ.કૃ.યુ. નકકી કરે તે ચોકકસ ધોરણોને આધિન રહીને અધિકૃત બીજ વિક્રેતા તરીકેનો નિમણૂંક પત્ર એક થી ત્રણ વર્ષ માટે ઈશ્યુ કરવામાં આવશે ત્યારબાદ વિતરણ અંગેની કામગીરીની સમીક્ષા નોડલ ઓફીસર (સીડ) આ.કૃ.યુ. ધ્વારા કરવામાં આવશે, ત્યાર બાદ જ અધિકૃત બીજ વિક્રેતાને ડીલરશીપ રીન્યુ કરી આપવામાં આવશે. રીન્યુઅલ માટે મુદતનો સમય પુરો થતાં પહેલાં રીન્યુઅલ માટેની નિયત અરજી નોડલ ઓફીસર (સીડ) આ.કૃ.યુ. આણંદને એક માસ અગાઉ મોકલવાની રહશે. નિમણૂંક થયેલ/ રીન્યુ થયેલ અધિકૃત બીજ વિક્રતાઓ તેમની નિમણૂંક રદ કરવા માટેની અરજી નોડલ ઓફીસર (સીડ)ને વર્ષ દરમ્યાન કોઈ પણ સમયે મોકલી આપશે. આવી અરજીઓની ચકાસણી અંગેની કામગીરી જે તે વર્ષના ફેબ્રુઆરી માસ દરમ્યાન કરવામાં આવશે અને ત્યારબાદ માર્ચ માસ દરમ્યાન અધિકૃત બીજ વિક્રેતાએ ભરેલ સિકયોરીટી ડીપોઝીટ પરત કરવાની તેમજ નિમણૂંક રદ કરવાની કામગીરી આ.કૃ.યુ. આણંદ કરશે. વર્ષ અધવચ્ચે કોઈપણ અધિકૃત બીજ વિક્રેતાને સિકયોરીટી ડીપોઝીટ પરત મળશે નહી.

૧૮. આ ઉપરાંતના બીજના વેચાણ અંગેના પ્રવર્તમાન અને ભવિષ્યમાં ફેરફાર થનાર કાયદાઓનું પાલન કરવાનું રહેશે. બીજના વેચાણ દરમ્યાન અને ત્યારબાદ કોઈપણ કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વેચાણ કરનાર ડીલરની રહેશે.

૧૯. અધિકૃત બીજ વિક્રેતા અને આ.કૃ.યુ. વચ્ચે બીજ વિતરણ અંગે કોઈ પણ પ્રકારનો વિવાદ ઉપસ્થિત થશે તો તે માટે મા. કુલપતિશ્રી, આ.કૃ.યુ.નો નિર્ણય આખરી ગણાશે, અધિકૃત બીજ વિક્રેતા માટે વિવાદના ઉકેલ માટે કાયદાનું સ્થળ આણંદ રહેશે જે મને સ્વીકાર્ય છે.

૨૦. આ એકરારનામું તેમાં સહી થયા તારીખથી અમલી ગણાશે.

સહી :– ______________________

મ :– ______________________

હ :–

(અધિકૃત બીજ વિક્રેતાનો સિકકો)

સહી :– ______________________

નોડલ ઓફીસર (સીડ)
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ

સ્થળ : ..........................................

તારીખ : ..........................................

સંશોધન નિયામક
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
(મુખ્ય બીજ વિતરક)

સાક્ષીઓ

૧. સહી :– ______________________
નામ :– ______________________
હોદ્દો :– ______________________
સરનામું :– ______________________

સહી :– ______________________
નામ :– ______________________
હોદ્દો :– ______________________
સરનામું :– ______________________

———————×———————×———————×———————×———————×———————×

## નોડલ ઓફીસર (સીડ) શાખા કચેરીનો અભિપ્રાય

સદર અધિકૃત બીજ વિક્રેતાની સિકયુરીટી રકમ રૂા. ..............................................................................................
(અંકે રૂપિયા ........................................................................પુરા) નોડલ ઓફીસર(સીડ)ની ..............................
કચેરી ખાતે પહોંચ નંબર ............................................ તારીખ ............................................ થી જમા લેવામાં આવેલ છે, તેઓની નિમણૂંક તારીખ ............................................ સુધી કરવા ભલામણ કરવામાં આવે છે.

નોડલ ઓફીસર(સીડ)ની સહી ............................................

સિકકો ............................................